## ગાંધીનગર મને ગમે છે...



- મહેન્દ્રભાઈ રાઠોડ

મારૂ વતન સ્વામી આનંદનું ગામ શિયાણી (લીંબડી). મારા ભાઈ અહિ ૧૯૮૬માં આવ્યાં. પ્લોટ મળ્યો. મારા બાપુજી પણ લગભગ સાથે જ આવ્યા.

મારો મકાન બાંધકામનો વ્યવસાય છે. હું ૧૯૮૨માં પ્રથમવાર ગાંધીનગર એક ટેન્ડર ભર્યુ હતુ ત્યારે આવેલ. ત્યારે આવા રસ્તા હતા જ નહિ. ચ-૦ થી દાખલ થઈએ ત્યારે કોઈ સેક્ટરોમાં મકાન જ દેખાય નહિ.

મારા બાપુજી ગામડે હતાં ત્યારે કહેતા હતા કે મારો જન્મ અહિ થયો છે- ભણ્યા-ગણ્યા. વ્યવસ્થિત થયા અને મને આ ગામની સ્મશાનભૂમિમાં અગ્નીદાહ દેજો. પરંતુ તે અહિ આવ્યા થોડો ટાઈમ રહ્યા, પછી કહેતા કે 'મારૂ મૃત્યુ થાય તો ગાંધીનગરના મુક્તિધામમાં અગ્નિદાહ દેજો' આટલી હદે ગાંધીનગર ગમી ગયું હતું.

હું જયારે પહેલીવાર ગાંધીનગર આવ્યો ત્યારથી મારા મગજમાં ગાંધીનગર ફોરમેટ થઈ ગયેલ. અમો કુટુંબ સાથે ૧૯૯૧માં ગાંધીનગર આવ્યા અને સે. ૮માં ગાંધીનગર સમાચારની પાછળ ઘ-૧ ટાઈપના મકાનમાં રહેતા હતા. અમે ગામડાનાં માણસ. બાપુજી મકાનની આજુબાજુની જગ્યામાં ત્રીકમ-પાવડો લઈ ખોદકામ કરી, ફૂલ-ઝાડ ઉગાડે. પાણીની અછત નહોતી. દરરોજ પાણી આપે. કોઈ શાકભાજી ઉગાડે. પંખીઓ માટે પાણીના કુંડા મુકે. બહુજ શાંતિથી રહે. સવારમાં બહાર નીકળે અને બપોરે ઘેર આવી સાંજે વૃદ્ધો સાથે મળી રામાયણ-મહાભારત વાંચે.

ગાંધીનગર શહેર જેવું લાગે અને ગામડા જેવું લાગે. અહિ સાહિત્ય રસીકો-સંગીતકારો તથા અનેક સેવાભાવી સંસ્થાઓ ખરી. મારો ધંધો બાંધકામનો છતાં મને અનેક પ્રવૃત્તિમાં રસ ખરો. જોકે ગાંધીનગર ગમીજ ગયુ છે છતાં ઘણી વખત એવો વિચાર આવે કે આ દેહ ક્ષણભંગુર છે ક્યારે આ દેહ અંતરધ્યાન થઈ જાય તેની કોઈને ખબર નથી. પણ ઘણી વખત મનોમન પ્રાર્થના કરૂ છું કે હે પ્રભુ મારો ફરી જન્મ થાય તો તે ગાંધીનગરમાં જ થાય. આટલુ બધું ગાંધીનગર હૃદયમાં વસી ગયું છે.

ગાંધીનગર ગમવાના અનેક કારણોમાનુ એક કારણ છે કે અહિ ક્યારેય તોફાનો-હુલ્લડો કે તંગ વાતાવરણ થતા જોયું નથી આ ગાંધીનગરનું ઉજળુ પાસું છે.

અમારે ત્યાં આવતા મજૂરો-કારીગરો જુદા-જુદા રાજ્યોમાંથી બાંધકામ સાથે સંકળાયેલા આવતા. દરેકને ગાંધીનગર એટલી હદે ગમી ગયું છે કે કોઈ કોઈ દિવસ મજુરી ન મળે, બે-બે ચાર-ચાર દિવસ બેસી રહેવું પડે છતાં તે ગાંધીનગર છોડવા તૈયાર નથી. જે અહિ એક વખત આવે પછી ભલે ધંધો ઓછો-વધારે ચાલે પણ તેને કુદરતી રીતે ગાંધીનગર દિલમાં વસી ગયેલ હોય છે.

## યુનિટ ઓફ ગાંધીનગર દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મજયંતિની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મજયંતિ નિમિત્તે ૧૩૧ કિલો કેક સાથે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૧૪મીએ સવારે ૮.૩૦ વાગ્યે ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા સંકુલ, ગુજરાત વિધાનસભા સામે ગાંધીનગર ખાતે કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. યુનિટ ઓફ ગાંધીનગર તરફથી આ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સર્વે નાગરિકોને હાજર રહેવા જણાવાયું છે.



વિરમગામના પૂર્વ ધારાસભ્ય કમાભાઈ રાઠોડ, સાણંદ પાલિકાના પૂર્વ પ્રમુખ ભીખાભાઈ પટેલ, બોપલ ઘુમા પાલિકાના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મહેશભાઈ પટેલ મોટી સંખ્યામાં કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા હતા. ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરોને ભાજપમાં આવકારવામાં આવ્યા હતા.

## આલમપુર શાકમાર્કેટ પાસે દુકાનોનુ બાંધકામ દુર કરવાના મામલે હાઈકોર્ટે મનાઈ હુકમ

**બિલ્ડરે દુકાનોનુ બાંધકામ કરી વેપારીઓને ખોટા દસ્તાવેજ કરી આપ્યા હતા : ગુડાએ બાંધકામનુ દબાણ દુર કરવા ગતિવિધિ હાથ ધરતા હાઇકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર જિલ્લામાં આલમપુર શાકમાર્કેટ નજીક બિલ્ડરે દુકાનો તાંણી બાંધી નાના વેપારીઓને ગેરકાયદેસર રીતે દસ્તાવેજ કરી આપી દીધી હતી જયારે આ મામલે ગુડાએ બી યુ પરવાનગી તેમજ પ્લાન પાસ કરવાના મામલે બિલ્ડરની અરજી પણ નામંજુર કરી હતી આખરે આ મામલે ગુડાએ દબાણ સંદર્ભે નોટીસ આપી દબાણ દુર કરવા માટે ગતિવિધિ હાથ ધરી હતી જયારે બીજીતરફ વેપારીઓએ વકીલ મારફતે હાઈકોર્ટમાં દબાણ દુર ન કરવા મામલે પીટીશન દાખલ કરી હતી હાઈકોર્ટે આગામી તા ૫ મેં સુધી દબાણ દુર કરવા અંગે મનાઈ હુકમ આપ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આલમપુર ગામમાં શાકમાર્કેટ નજીક બિલ્ડરે દુકાનો બનાવી નાના વેપારીઓને દસ્તાવેજ કરી આપ્યા હતા પંચાયતની રજા ચીઠ્ઠી મેળવી દુકાનોનું બાંધકામ કરવામાં આવ્યુ હતુ. જયારે બિલ્ડરે ગુડામાં પ્લાન પાસ કરાવવા તેમજ બી યુ પરવાનગી માટે અરજી કરતા ગુડા કક્ષાએથી બિલ્ડરની આ દરખાસ્ત નામંજુર કરવામાં આવી હતી. જયારે ગુડાએ આ અરજી નામંજુર કરી હતી તે વાતથી વેપારીઓ પણ અજાણ રહ્યા હતા. બિલ્ડરે આ અંગે દુકાન માલિકોને જાણ કરી હતી. બિલ્ડરની આ હરકતના લીધે ૩૫ વધુ આર્મીના પુર્વ જવાનો છેતરપીંડીના ભોગ બન્યા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો હતો. બિલ્ડરે ગેરકાયદેસર રીતે દુકાનોના વેચાણ દસ્તાવેજ કરી આપી આર્થિક ફાયદો મેળવ્યો હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. જયારે સમગ્ર મામલે ગુડાએ મંજુરી ન આપતા હકીકત યોગ્ય રીતે પ્રકાશમાં આવી હતી. ગુડાએ આ બાંધકામનુ દબાણ દુર કરવા માટે પણ વેપારીઓને નોટીસ આપી હતી જેને અનુલક્ષી ગુડાએ દબાણ દુર કરવા માટે જરૂરી તૈયારી પણ કરી લીધી હતી. જયારે આ સ્થિતિને અનુલક્ષીને વેપારીઓએ વકીલ અશ્વિન ત્રિવેદી અને અમિત પટેલ દ્વારા ગુડા સામે કોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. જેમાં બાંધકામનુ દબાણ દુર ન કરવા માટે દાદ માંગી હતી. જેના અનુસંધાને હાઈકોર્ટે આગામી તા ૫ મેં ૨૦૨૨ સુધી ગુડાને નોટીસ બજી ન આવે ત્યાં સુધી દબાણ તોડવા માટે મનાઈ હુકમ આપ્યો છે.

## પેથાપુર પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

પેથાપુર કુમાર- ૧ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના બાળકોનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આચાર્ય વસંતીબેન બિહોલા તેમજ વર્ગ શિક્ષક રેખા બેન મકવાણા એ બાળકોને ભવિષ્યને ઉત્તમ બનાવવા સારું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તમામ શિક્ષકશ્રીએ તેમના આશીર્વચન આપ્યા હતા.




રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવામાં વિલંબ થતાં અમદાવાદની શિક્ષણ પરિષદની ટીમ દ્વારા ગાંધીનગરમાં સમાજ કલ્યાણ કચેરી ખાતે ધરણાં કરવામાં આવ્યા હતાં. આ ધરણાંમાં કેટલાંક વિદ્યાર્થીઓ પણ જોડાયાં હતાં.



## શિતળતા બક્ષતી તાજી ઠંડી છાસનું વિતરણ

સિનિયર સિટીઝન કાઉન્સિલ ઓફ ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી સેવાકિય પ્રવૃત્તિઓ પૈકી ઉનાળાની ગરમીમાં જરૂરીયાતમંદ લોકોને વહેલી સવારે તેમનાં ઘર આંગણે તાજી ઠંડી છાસના પાઉચ વહેંચવામાં આવે છે. દરેક સોમવારે અને ગુરૂવારે ૨૦૦ પાઉચ નું વિતરણ કરવામાં આવે છે. ગત સોમવારે સંસ્થાના કોષાધ્યક્ષ જયરામ સોની દ્વારા સેક્ટર-૬ વસાહત વિસ્તારમાં છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર


75 આઝાદી નો અમૃત મહોત્સવ




# સંવિધાનના શિલ્પકાર, વંચિતોના પ્રેરણા સ્ત્રોત ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને જન્મજયંતિ પર શત્-શત્ નમન

## વર્ષ 2021–22 અનુસૂચિત જાતિ માટે ઉત્કર્ષનું વર્ષઃ

- શૈક્ષણિક યોજનાઓ માટે ₹615.10 કરોડનો ખર્ચ.
- આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે ₹72.07 કરોડનો ખર્ચ.
- આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ માટે ₹110.90 કરોડનો ખર્ચ.
- "ડૉ. આંબેડકર આવાસ યોજના" હેઠળ લાભાર્થીને ₹1.20 લાખની સહાય થકી ₹51.06 કરોડનો ખર્ચ કરી 11,692 લાભાર્થીઓને લાભ આપેલ છે.
- "ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન" હેઠળ ₹15 લાખની લોન આપવામાં આવે છે. ₹40 કરોડનો ખર્ચ કરી 267 લાભાર્થીઓને લાભ આપેલ છે.
- "ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય" હેઠળ ₹10.05 કરોડનો ખર્ચ કરી 1,005 યુગલોને લાભ આપેલ છે.







## વર્ષ 2022–23 અનુસૂચિત જાતિના ઉજ્જવળ ભવિષ્ય માટે સંવેદનશીલ સરકારના કલ્યાણકારી નિર્ણયોઃ

### સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે ₹4,782 કરોડ ખર્ચાશે

- ધોરણ 1 થી 10 માં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓને વાર્ષિક શિષ્યવૃત્તિના દરમાં ક્રમિક ₹250નો વધારો તેમજ ગણવેશ સહાયમાં ₹300નો વધારો કરી ₹900 ચૂકવાશે.
- એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક ₹2,500 થી ₹13,500 સુધીની શિષ્યવૃત્તિ ઉપરાંત માન્ય શિક્ષણ ફી તથા નોન રિફન્ડેબલ ફી ચુકવવામાં આવે છે. કન્યાઓ માટે વાર્ષિક આવક મર્યાદા દૂર કરવામાં આવી.
- પીએચ.ડી. માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અપાતી સહાયમાં ₹70,000નો વધારો કરી પ્રતિ વિદ્યાર્થી માટે ₹1 લાખ કરવામાં આવી.
- ડિગ્રી એન્જિનિયરીંગ કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન સહાયમાં ₹3,000 વધારો કરી ₹8,000 કરવામાં આવી.
- ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા અને છાત્રાલયોમાં વિદ્યાર્થીદીઠ માસિક સહાયમાં ₹660નો વધારો કરી માસિક ₹2,160 આપવામાં આવશે.
- ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં કામ કરતા ગૃહપતિ/ગૃહમાતા, મુખ્ય રસોઈયા, મદદનીશ રસોઈયા અને ચોકીદારના વેતનમાં ₹5,000 થી ₹10,000 સુધી વધારો કરવામાં આવેલ છે.
- પંચાયત વિસ્તાર, નગરપાલિકા વિસ્તાર અને મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં મકાન ભાડું વિદ્યાર્થી દીઠ હાલમાં ચૂકવવામાં આવે છે તેમાં બમણો વધારો કરવામાં આવેલ છે.
- "ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના" હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે ચૂકવવામાં આવતી ₹1 લાખ ની સહાયમાં વધારો કરી ₹2.5 લાખ કરવામાં આવી.

વંચિતોની પ્રગતિનો નિર્ધાર
**રાજ્ય સરકારનો મક્કમ પ્રયાસ**

